સુવિચાર : બાળકોને જે સંસ્કાર-શિખામણ આપીએ છીએ તેનો જો વડીલો અમલ શરુ કરે તો આ સંસાર જ સ્વર્ગ સમાન બની જશે - અખંડ આનંદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૮૧ | ૩૧ મે, ૨૦૧૫, રવિવાર ; જેઠ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં જિલ્લાનું ૬૧.૮૪ ટકા પરિણામ




## એ વન ગ્રેડમાં કડી કેમ્પસના માત્ર ૨ વિદ્યાર્થીને સ્થાન ચાંદખેડા કેન્દ્રનું પરિણામ સૌથી વધારે ૭૬.૩૨ ટકા દહેગામનું સૌથી ઓછું ૩૮.૦૭ ટકા

ગાંધીનગર તા ૩૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતું. રાજયનુ એકંદરે પરિણામ ૫૪.૯૮ ટકા રહયું હતું.જયારે ગાંધીનગર જિલ્લાનું પરિણામ ૬૧. ૮૪ ટકા આવ્યું છે.જિલ્લામાંથી ૧૪૦૬૩ વિધાર્થીઓ પરિક્ષા માટે નોધાયા હતા.જેમાંથી ૧૩૯૦૨ વિધાર્થીઓએ પરિક્ષા આપી હતી.જયારે એ વન ગ્રેડમાં માત્ર બે વિધાર્થીઓનો સમાવેશ થાય છે. જો કે બોર્ડ દ્વારા વિધાર્થીઓને હજુ માર્કશીટ આપવામાં આવી નથી. આગામી દિવસોમાં પ્રમાણપત્ર તેમજ માર્કશીટનું વિતરણ કરવામાં આવશે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ ૧૨ સામાન્ય



પ્રવાહની પરિક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતું.અગાઉ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરિક્ષાનું પરિણામ જાહેર કરાયા બાદ આજે સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની પણ ઈન્તેજારીનો અંત આવી ગયો હતો.સામાન્ય પ્રવાહનું બોર્ડનુ પરિણામ ૫૪.૯૮ ટકા આવ્યું

● અનુસંધાન-૭ પર

### શહેરની બે ટોપર્સ વિદ્યાર્થીનીઓ

| વિધાર્થીનિનું નામ | શાળાનુ નામ | મેળવેલ ગુણ |
|---|---|---|
| જીમી એન છાભૈયા | સે-૨૩ આર સી પટેલ હાઈસ્કુલ | ૬૩૨ |
| જાનવીબા વાય ઝાલા | સે-૨૩ આર જી પટેલ | ૬૪૬ |

### ૧૯ વિધાર્થીઓના પરિણામ રિઝર્વ રાખવામાં આવ્યા

ગાંધીનગર તા ૩૦

ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરિક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પરિક્ષા કેન્દ્રો પર સી સી ટીવી કેમેરાની વોચ ગોઠવવામાં આવી હતી. જેના લીધે ગેરરીતી આચરતા વિધાર્થીઓને ઝડપી લેવાયા હતા. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની સાથે સામાન્ય પ્રવાહમાં પણ જિલ્લાના તમામ પરિક્ષા કેન્દ્રો પર સી સી ટી વી ક્મેરા તેમજ ટેબ્લેટ મુકવામાં આવ્યા હતા આ ઉપરાંત જિલ્લા શિક્ષણ તંત્ર તેમજ બોર્ડ દ્વારા સ્કવોર્ડની ટીમ પણ રાઉન્ડ લેતી હતી. જેના અંતે ગાંધીનગર જિલ્લામાંથી પણ ગેરિરીતીના ૧૯ જેટલા કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. જેમાં ડી ઈ ઓ તેમજ સ્કવાર્ડ દ્વારા ગેરરિતીના ૧૧ કીસ્સામાં પગલા લેવાયા છે. આ ઉપરાંત સી સી ટી વી કેમેરાના આધારે ૮ જેટલા વિધાર્થીઓને ગેરરિતી આચરતા ઝડપી લેવામાં આવ્યા હતા. આમ કુલ ૧૯ જેટલા ગેરરિતીના કિસ્સામાં બોર્ડ દ્વારા પરિક્ષાર્થીઓના પરિણામ અટકાવાયા છે. બોર્ડ કક્ષાએથી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પણ ગેરરિતીના કીસ્સાઓને અનુલક્ષીને પરિણામ રિઝર્વ રાખવામાં આવ્યા હતા.રાજયમાં આણંદ જિલ્લામાં સૌથી વધુ ૨૩૭૧ જેટલા વિધાર્થીઓના પરિણામ અટકાવાયા છે. જયારે સૌથી ઓછા ગેરરિતીના કિસ્સા તાપી જિલ્લામા માત્ર ૩ જ હોવાનું ધ્યાને આવ્યુ છે.










